RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 311, Dt.22-3-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજ સાંજથી IPLના મહાકુંભનો પ્રારંભ

## આજથી શરૂ થઈ રહી છે IPLની ૧૮મી સિઝનઃ મેચ પહેલા ઓપનિંગ સેરેમનીમાં ચમકશે બોલિવૂડ સ્ટાર્સ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

૨૦૦૮માં જ્યારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) શરૂ થઈ, ત્યારે બધાને સમજાયું કે તે લાંબો સમય ચાલશે. IPL પછી, ઘણી ઝ૨૦ લીગ શરૂ થઈ, પરંતુ કોઈપણ લીગ ઈંડક જેટલી લોકપ્રિયતા ન મેળવી શકી. વિશ્વની સૌથી મોટી ક્રિકેટ લીગ હવે ૧૮ વર્ષની થઈ ગઈ છે.

તેની નવી સિઝનનું આજે એટલે કે ૨૨ માર્ચે ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે રંગારંગ ઉદ્દઘાટન થશે. ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ સ્ટાર્સ ચમકશે, ત્યારબાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ નવી સિઝનની પોતાની પહેલી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમશે.

બંગાળ ક્રિકેટ એસોસિએશનના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, સિંગર શ્રેયા ઘોષાલ, એક્ટ્રેસ દિશા પટણી અને પંજાબી પોપ સિંગર કરણ ઔજલા ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. તેમની સાથે સિંગર અરિજીત સિંહ, એક્ટર વરુણ ધવન અને એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર પણ પરફોર્મ કરે તેવી અપેક્ષા છે. એક્ટર અને કોલકાતા ટીમના માલિક શાહરૂખ ખાન ઓપનિંગ સેરેમનીનું સંચાલન કરશે. એવી પણ અફવાઓ છે કે એક્ટર સલમાન ખાન તેની નવી ફિલ્મ પસિકંદરથના પ્રમોશન માટે ઈડન ગાર્ડન્સ આવી રહ્યો છે.

ઓપનિંગ સેરેમની સાંજે ૬:૦૦ વાગ્યે શરૂ થશે અને લગભગ ૩૫ મિનિટ સુધી ચાલશે. મેચ સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે. ૧૦ ટીમો ૬૫ દિવસ સુધી દેશના ૧૩ શહેરોમાં કુલ ૭૪મેચ રમશે. IPLની ફાઈનલ ૨૫ મેના રોજ ઈડન ગાર્ડન્સ ખાતે યોજાશે. કોલકાતાનું આકાશ છેલ્લા બે દિવસથી વાદળછાયું છે અને ઝરમર વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે શનિવારે કોલકાતા અને તેની આસપાસના વિસ્તારોમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને, ઈડન ગાર્ડન્સના ક્યુરેટર સુજાન મુખર્જી તેમની ટીમ સાથે સંપૂર્ણપણે સતર્ક છે. દિવસભર પિચ ઢંકાયેલી રાખવામાં આવી રહી છે.

IPL ૨૦૨૫માં, મોટાભાગની ટીમો નવા કેપ્ટનો સાથે મેદાનમાં ઉતરશે. આમાંના કેટલાક ખેલાડીઓ વિવિધ કારણોસર ફક્ત અમુક મેચોમાં જ તેમની ટીમનું નેતૃત્વ કરશે. સૌથી આશ્ચર્યજનક નિર્ણય RCB દ્વારા રજત પાટીદારને કેપ્ટન તરીકે નિયુક્ત કરવાનો છે. IPL પાસે સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી પણ છે. તેમ છતાં ટીમે પાટીદાર પર વિશ્વાસ દેખાડ્યો છે. હવે પાટીદાર ટીમનું નેતૃત્વ કેવી રીતે કરે છે તે જોવું રસપ્રદ રહેશે. અક્ષર પટેલ દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કરશે જ્યારે ૨૦૨૪માં KKR ચેમ્પિયન બનાવનાર શ્રેયસ અય્યર આ વખતે પંજાબ કિંગ્સનું નેતૃત્વ કરશે.

આ વખતે KKRની કેપ્ટનશિપ અજિંક્ય રહાણેને સોંપવામાં આવી છે. સંજુ સેમસનની આંગળીમાં ઈજાને કારણે શરૂઆતની મેચોમાં રિયાન પરાગ રાજસ્થાન રોયલ્સનું નેતૃત્વ કરશે. હાર્દિક પંડ્યાને ગયા સિઝનમાં સ્લો ઓવર રેટ




માટેએક મેચ માટે બેન કરવામાં આવ્યો હતો અને તેથી તે મુંબઈ ઈન્ડિયન્સની પહેલી મેચમાં નહીં રમી શકે. રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં સૂર્યકુમાર યાદવ મુંબઈનું નેતૃત્વ કરશે. IPLનો સૌથી મોંઘો ખેલાડી રિષભ પંત આ સિઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સનું નેતૃત્વ કરશે.

નવા નિયમોમાં સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે બોલ પર લાળ લગાવવાનિયમ પરથી બેન હટાવી લીધો છે. આ પહેલી વાર હશે જ્યારે બોલરોને બોલ પર લાળ લગાવવાની મંજૂરી આપવામાં આવશે, જે કોવિડ-૧૯ મહામારીને કારણે બેન હતું. BCCIએ ગુરુવારે IPL કેપ્ટનોની સંમતિ મેળવ્યા બાદ લાળ પરનો બેન હટાવવાનો નિર્ણય લીધો હતો.

અન્ય નિયમોમાં સાંજની મેચોમાં જો અમ્પાયરોને લાગે કે ઝાકળ રમતને સર કરી રહી છે, તો બીજી ઈનિંગની ૧૧મી ઓવરથી નવા બોલનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો સમાવેશ થાય છે. સવારે રમાતી મેચો પર આ નિયમ નહીં લાગુ પડે. આ ઉપરાંત, ટીમો હાઈટ અને ઓફસાઈડના વાઈડ માટે ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (DRS) નો પણ ઉપયોગ કરી શકે છે. ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ પહેલાની જેમ જ લાગુ રહેશે.

# હાઈકોર્ટના જજના નિવાસે લાગેલી આગમાં મળેલા કરોડો રૂપિયાનું રહસ્ય ઘેરુ બન્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માના નિવાસે લાગેલી આગમાં કરોડો રૂપિયાની રોકડ મળી. તેનું રહસ્ય ઘેરુ બની રહ્યું છે. એક તરફ જજ વર્મા હજુ મિડીયા સામે આવ્યા નથી અને તેઓ અદાલતી કામગીરીથી પણ દુર રહ્યા છે. સમગ્ર ઘટનામાં એક રસપ્રદ પણ અનેક પ્રશ્નો સર્જાતા વળાંકમાં દિલ્હી ફાયર સેવાના અધિકારીઓ અચાનક જ સાવ મૌન ધારણ કરીને બેસી ગયા છે.

દિલ્હી ફાયર સર્વિસે તેના રિપોર્ટમાં રોકડનો કોઈ ઉલ્લેખ કર્યો નથી અને જણાવ્યુ હતું કે, સ્ટેશનરી અને ઘરેલુ ચીજમાં આગ લાગી હતી અને તે તુર્તજ બુઝાવી દેવાઈ હતી. દિલ્હી ફાયર સર્વિસના વડા અતુલ ગર્ગેએ અમારા જવાનોએ થોડી મિનિટમાં આગ બુઝાવી દીધી હતી. રોકડ અંગેના એક પ્રશ્નના જવાબમાં તેઓએ આવી કોઈ માહિતી હોવાનો ઈન્કાર કર્યો હતો.

ગઈકાલે છેક રાજયસભા સુધી પહોંચી ગયેલી આ આગની ઘટના અને જંગી રોકડ મળી હોવાના રિપોર્ટમાં વાસ્તવમાં આગ તા.૧૪ માર્ચના રાત્રીના ૧૧.૩૦ વાગ્યે લાગી હતી તે સતાવાર રેકોર્ડ છે છતાં તેની માહિતી છેક તા.૨૧ના જાહેર થઈ અને પહેલા રૂા.૧૫ કરોડ કે તેની આસપાસની રોકડ મળી હોવાના અહેવાલ બાદ અચાનક જ 'રોકડ' નો મુદ્દો ભુલાવી દેવાનો પ્રયાસ થયો.ગઈકાલે દિલ્હી હાઈકોર્ટમાં પણ આ અંગે ચીફ જસ્ટીસ એ ન્યાયમૂર્તિ વર્માની બદલી સહિતના મુદ્દે કહ્યું કે અમો જાગૃત છીએ. સિનીયર ધારાશાસ્ત્રી અરૂણ ભારદ્વાજે ચીફ જસ્ટીસ સમક્ષ આ મુદો ઉઠાવ્યો હતો અને ફરી આ પ્રકારે ન બને તે જોવા વિનંતી કરી હતી.

બીજી તરફ સુપ્રીમ કોર્ટમાં 'કેશ' મુદા અને જજ વર્માની બદલી વચ્ચે કોઈ સંબંધ હોવાનો ઈન્કાર કર્યો હતો અને સુપ્રીમકોર્ટની કોલેજીયમે આ ટ્રાન્સફર કરી છે. જો કે આ કોલેજીયમ ફક્ત જજોની નિયુક્તિ અને બદલી વિ. પ્રક્રિયા જુએ છે. આ પ્રકારના 'કેશ' મળવાના કેસમાં સુપ્રીમ કોર્ટની તમામ પ્રક્રિયા અલગ છે.

મિડીયા રીપોર્ટ મુજબ જસ્ટીસ વર્માના ઘરે સળગેલી ચલણી નોટો મળી તો તેની માહિતી પોલીસના ઉચ્ચ અધિકારી મારફત સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તથા દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને આપવામાં આવી હતી અને આ



ઘટનાના વિડીયો- ફોટા પણ કોઈએ બતાવ્યા છે જે ચીફ જસ્ટીસને અપાયાના મિડીયા રિપોર્ટ છે.

આ પછી દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ઈન હાઉસ એટલે કે અદાલત ખુદ તપાસ કરી રહી હતી તે સમયે તે વાત લીક થઈને મીડીયા સુધી પહોંચી ગઈ હતી અને છેક રાજયસભાના સભાપતિ તથા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ પ્રતિભાવ આપીને રચનાત્મક ચર્ચાની આવશ્યકતા દર્શાવી હતી.

હવે તા.૨૧ના આ અંગેનો રિપોર્ટ સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુધી પહોંચ્યો છે જેના પરથી કયા એકશન આવે છે તેના પર નજર છે.

# ગ્લેશિયર પિગળવાથી બે અબજ લોકો પર સંકટ

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**



આજે વિશ્વ જલદિવસ છે ત્યારે સંયુકત રાષ્ટ્રની એજન્સી યુનેસ્કો દ્વારા જાહેર વિશ્વ જલ વિકાસ રિપોર્ટ ૨૦૨૫ માં ગ્લેશીયરોના ઝડપથી પિગળવા પર ચિંતા વ્યકત કરવામાં આવી છે.રિપોર્ટ અનુસાર દુનિયાની કુલ ૮.૨ અબજ વસ્તીમાંથી જલ અને ભોજનની ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

રિપોર્ટમાં ચેતવણી અપાઈ છે કે, જો ગ્લેશીયરોના પિગળવાનો હાલનો દર ચાલુ રહ્યો તો તેના વિનાશકારી અને અભૂતપૂર્વ પરિણામ આવી શકે છે. ખરેખર તો દર વર્ષે ૨૨ માર્ચે વિશ્વ જલ દિવસ ઉજવવામાં આવે છે. આ કારણે આ વર્ષની થીમ પણ ગ્લેશીયર સંરક્ષણ છે તેનો એકમાત્ર ઉદેશ દુનિયાભરનાં ગ્લેશીયરોના બચાવ માટે તત્કાલ જરૂરીયાતો પર જોર દેવા અને વધતા વૈશ્વિક તાપમાનને ઘટાડવા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે.ગ્લેશીયર પૃથ્વી પર જલચક્ર યથાવત રાખવા માટે મહત્વના છે. રિપોર્ટ અનુસાર જલવાયું પરિવર્તનથી ગ્લેશિયરોનાં સંકોચાવા અને પર્વતીય ક્ષેત્રોમાં ઘટતી બરફ વર્ષાના કારણે દુનિયાની બે તૃતિયાંશ ભૂમિને અસર થાય છે. હાલમાં દુનિયામાં ૨.૭૫ લાખથી વધુ ગ્લેશીયર લગભગ ૭ લાખ વર્ગ કિલોમીટરનાં ક્ષેત્રને કવર કરે છે પરંતુ જલવાયું ફેરફારની અસરથી આજે તે ઝડપથી પીગળી રહ્યા છે.

સરકાર તરફથી ૨૦૨૩ માં સંસદમાં એક રિપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો.જેમાં જણાવાયું હતું કે હિમાલયના ગ્લેશીયર અલગ-અલગ દરથી પિગળી રહ્યા છે.

# વોશરૂમ માંથી અદાલતમાં 'લાઈવ' થનાર શખ્સ પર પર રૂા.૨ લાખનો દંડ ફટકારાયો

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

દેશમાં ન્યાયતંત્રના આધુનિકરણમાં હવે વર્ચ્યુઅલ કોર્ટએ એક સુવિધા થઈ છે. અદાલતમાં સુનાવણી સાથે સંકળાયેલા લોકોને અદાલત વર્ચ્યુઅલ એટલે કે વિડીયો કોન્ફરન્સ કે તે રીતે ડીજીટલ હાજરીની મંજુરી આપે છે પણ તેમાં અનેક વખત અદાલતની સામાન્ય અને મર્યાદા પણ જળવાતી નથી.

ગમે ત્યાંથી તમો ઓનલાઈન- વર્ચ્યુઅલ હાજરી આપી શકો તે છૂટછાટમાં અનેક વખત છેક સર્વોચ્ચ અદાલતને પણ અણગમા જેવા અનુભવ થયા છે. અદાલતનું ડેકોરમ-આમાન્ય- અને અદાલતી શિસ્ત એ સૌથી મહત્વનું છે પણ હાલમાં જ ગુજરાત હાઈકોર્ટમાં કાર્યવાહી સમયે બે વ્યક્તિઓમાં એક બીજા રૂમમાંથી અને બીજા બેડરૂમમાં સુતાસુતા વર્ચ્યુઅલ 'પ્રગટ' થતા જ તેઓને મોટો દંડ ફટકારાયો હતો. જે વ્યક્તિ વોશરૂમ કે શૌચાલયમાંથી અદાલતમાં 'લાઈવ' થયો તેના પર રૂા.૨ લાખનો દંડ અને સામાજીક સજાની ફટકારાઈ હતી. તો જેઓ બેડમાં સુતા સુતા અદાલતમાં ડિજીટલ હાજરી પુરાવી તેને પણ દંડ ફટકારાયો હતો. અદાલતે ટકોર કરી કે તમો મુવીનાઈટની માફક અદાલતને લઈ શકો નહી. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એમ.કે.ઠકકરની અદાલતમાં એક કેસમાં ફરિયાદીના પુત્ર ધવલ પટેલને વર્ચ્યુઅલ નિહાળી અદાલતને જબરો ગુસ્સો આવ્યો તેમાં 'યોગ્ય રીતે' કે મર્યાદા વગરની સ્થિતિમાં જોવા મળ્યા તેનું કનેકશન તુર્તજ કાપી નખાયુ તો બીજી વખત તેઓ લેટીનમાં હતા. ફરી તેનું કનેકશન



કાપીને તમામના આદેશ અપાયા હોવાના કોર્પોરેટ ગૃહમાં કામ કરતા આ મહાશયના વર્તનથી ન્યાયમૂર્તિ એ તે વર્તન ફકત અસ્વીકાર્ય જ નહી પણ શરમજનક પણ ગણ્યું અને તેને રૂા.૨ લાખનો દંડ કરાયો જે ધવલ પટેલે ભરી દીધો હતો. જેમાં રૂા.૫૦૦૦૦ પાલડીના એક અનાથગૃહને અપાયા. ઉપરાંત તેમને હાઈકોર્ટ કેમ્પસના બગીચાને સાફ કરવા અને વૃક્ષોને પાણી પાયાની બે સપ્તાહની 'સજા' કરી હતી. જે રોજ આઠ કલાક સુધી કરવાની રહેશે જે પણ તેઓએ કરી હતી. ગત તા.૧૩ ફેબ્રુ.ના વામદેવ ગઢવી નામના એક અરજદાર પણ જસ્ટીસ ઠકકરની અદાલતમાં બેડરૂમમાં સુતા હતા તે સમયે રજુ થયા તેના પર રૂા.૨૫૦૦૦નો દંડ થશે.

# રાજયમાં પુલ-રાઈડસની સેવા ચાલુ કરવા માટે સરકારની તૈયારી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

જો તમો તમારી કારમાં રાજકોટથી અમદાવાદ કે રાજયના કોઈ એક શહેરથી બીજા શહેરમાં સોલો (એકલા) મુસાફરી કરી રહ્યા હો તો હવે તમો ટુંક સમયમાં નપુલ-રાઈડથ સેવા મુજબ તમારી કારમાં નિયમ મુજબ મુસાફર બેસાડીને નભાડાથ ઉપરાંત રાજય સરકાર તરફથી પણ કમાણી કરી શકો છો.

આસામ બાદ ગુજરાતમાં હવે આ પ્રકારની ખાનગી કાર માલીકો માટેની પુલ-રાઈડસની સેવા ચાલુ કરવા માટે સરકાર તૈયારી કરી રહી છે. જો કે હાલ પણ ટેકસી સિવાયની ખાનગી પાસીંગના વાહનોમાં મુસાફરોની ગેરકાનુની હેરફેરને આડકતરી મંજુરી મળી જ છે અને પોલીસ માટે પણ કમાણીનું સાધન બની ગઈ છે. અનેક પ્રાઈવેટ-કાર માલીકો પણ એક-બે મુસાફરને બેસાડીને નપેટ્રોલ-ગેસથ નો ખર્ચ કાઢી લેતા હોય છે પણ હવે ઓલા-ઉબેર જેવી ગુજરાતની એક સેવા ટુંક સમયમાં વધી રહી છે. સરકાર ઈચ્છે છે કે પબ્લીક ટ્રાન્સપોર્ટ સેવાનો ઉપયોગ વધે જેનાથી ઉર્જા બચત થાય છે. માર્ગ પર ટ્રાફિક પણ ઘટે છે પણ હવે નઘરે-ઘરે કારથ એ આપણા માટે કલ્ચર અને સ્ટેટસ સિમ્બોલ છે અને સામાન્ય કામમાં પણ કાર લઈને જનારાની સંખ્યા ઓછી નથી. ગુજરાત સરકાર હવે જેને રેડિયો કેબ-એગ્રીગેટર કહેવાય છે તેમાં પુલ રાઈડસ ને ખાનગી કારમાં મંજુરી આપવા જઈ રહી છે. આસામમાં આ પ્રકારની સેવા ઉપલબ્ધ છે. પ્રાઈવેટ કાર ઉપરાંત ત્યાં ટુ-વ્હીલરમાં પણ




આ પ્રકારે મંજુરી અપાય છે. ટ્રાન્સપોર્ટ વિભાગના એક સીનીયર અધિકારીના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારે જે નવો મોટર વ્હીકલ એગ્રીગેટર ગાઈડલાઈન ૨૦૨૪ તૈયાર કરી છે જે ટુંક સમયમાંજ નોટીફાય થશે તેમાં તે અમલ કરી શકાશે. તેના પરથી ગુજરાત સરકાર તેની પોલીસી બનાવાશે. જેમાં એક-બે માસમાં ઓનલાઈન ટેક્ષી સર્વિસ જેવી કે ઓલા-ઉબેર અને રેપીડો હાલ ઉપલબ્ધ છે. તેમાં ખાનગી કાર ચાલકોને અલગ રીતે જોડાશે. હાલ ખાનગી વાહનોને ટેક્ષી કે મુસાફરની પેઈડ સેવા આપવા પર પ્રતિબંધ છે પણ તે છડેચોકે ચાલે પણ છે. નવી વ્યવસ્થામાં જે ખાનગી કાર ચાલક આ પ્રકારે પુલ-રાઈડસમાં જોડાવા માંગતા હો તેણે પહેલા એક ખાસ એપ્લીકેશન મારફત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.

# દેશમાં 30 વર્ષથી વધુ વયના લગભગ ૨૦ ટકા લોકો હાઈ બ્લડપ્રેશરના કે ડાયાબીટીસનો શિકાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી.નડ્ડાએ શુક્રવારે જણાવ્યું હતું કે, ૩૦ વર્ષથી વધુ વયના જે ૩૫ કરોડ લોકોના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી તેમાંથી ૪.૨ કરોડ લોકો હાઈ બ્લડ પ્રેશરના અને ૨.૬ કરોડ લોકો ડાયાબીટીસથી પીડિત મળ્યા છે. આ આંકડાથી સ્પષ્ટ છે કે, ૩૦ વર્ષથી વધુ વયના લગભગ ૨૦ ટકા લોકો હાઈ બ્લડ પ્રેશરના કે ડાયાબીટીસની ઝપટમાં છે.

નડ્ડાએ લોકસભામાં પ્રશ્નોતર કાલ દરમિયાન આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૨૯-૩૫ કરોડ લોકોના મોંના કેન્સરની તપાસ કરાઈ હતી. તેમાં ૧.૧૮ કરોડ લોકોમાં કેન્સર પોઝીટીવ મળ્યું હતું. આ અભિયાન ચાલુ છે. જેમાં હાઈ



બ્લડ પ્રેશર, ડાયાબિટીસ ઉપરાંત મોંના કેન્સરની પણ નિઃશુલ્ક તપાસ કરવામાં આવે.

સ્વાસ્થ્ય તપાસ અભિયાન શરૂ

નડ્ડાએ દેશમાં કેન્સર અને ટીબી સહિત વિવિધ રોગોના સ્ક્રીનીંગ માટે ચલાવવામાં આવી રહેલા અભિયાનોની જાણકારી આપતા જણાવ્યું હતું કે સરકારે આયુષ્યમાન આરોગ્ય મંદિર અંતર્ગત ૩૦ વર્ષથી વધુ વયના બધા નાગરિકો માટે સ્વાસ્થ્ય તપાસનું અભિયાન શરૂ કર્યું છે. તેમણે દેશમાં ટીબી નિવારણ સંબંધીત એક પુરક પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું હતું કે, હવે એક મશીનથી ટીબી સ્ક્રીનીંગ શરૂ કરાઈ છે. જે એક સાથે ૩૨ નમુનાની સ્ક્રીનીંગ કરી શકે છે.

# હરિયાણામાં મહાયજ્ઞમાં આવેલા બ્રાહ્મણો પર ફાયરિંગ

## એકને ગોળી વાગી, ૨ ઘાયલ, રોષે ભરાયેલા બ્રાહ્મણોએ તોડફોડ- પથ્થરમારો કર્યો, પોલીસે લાઠીચાર્જ કર્યો

**મુખ્ય સમાચાર,કુરુક્ષેત્ર**

શનિવારે સવારે, હરિયાણાના કુરુક્ષેત્રમાં મહાયજ્ઞમાં હાજરી આપવા આવેલા બ્રાહ્મણો પર આયોજકોના સુરક્ષા ગાર્ડ્સે ફાયરિંગ કર્યુ હતું. જેમાં લખનૌથી આવેલા બ્રાહ્મણ આશિષ તિવારીને ગોળી વાગી હતી. આનાથી બ્રાહ્મણો રોષે ભરાયા હતા. આ પછી, તેમનો આયોજકો સાથે ઝઘડો થયો. આમાં અત્યાર સુધીમાં ૨ બ્રાહ્મણો ઘાયલ થયા છે.

આ પછી બ્રાહ્મણો યજ્ઞશાળામાંથી બહાર આવ્યા અને તોડફોડ અને પથ્થરમારો શરૂ કર્યો. રોષે ભરાયેલા બ્રાહ્મણોએ મહાયજ્ઞની યજ્ઞશાળાનો મુખ્ય દરવાજો તોડી નાખ્યો. રસ્તા પરના બેનરો અને હોર્ડિંગ્સ પણ લાકડીઓ અને પથ્થરોથી ફાડી નાખવામાં આવ્યા હતા. પછી તેઓએ થીમ પાર્કની બહાર કુરુક્ષેત્ર-કૈથલ રોડ બ્લોક કરી દીધો. તેઓએ ત્યાંથી પસાર થતા વાહનોને બળજબરીથી રોકવાનું શરૂ કર્યું. પથ્થરમારાની માહિતી મળતા જ કુરુક્ષેત્ર પોલીસ ત્યાં પહોંચી ગઈ. પોલીસે બ્રાહ્મણોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો. જ્યારે તેઓ માન્યા નહીં, ત્યારે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો અને બ્રાહ્મણોને ત્યાંથી દૂર કર્યા. જોકે, બ્રાહ્મણો હજુ પણ રસ્તો રોકીને બેઠા છે. ગોળીથી ઘાયલ આશિષ પોતાના પરિવારના સભ્યો સાથે વાત કરી રહ્યો છે.

બ્રાહ્મણે કહ્યું- મેં વાસી ખોરાક ખાવાનો વિરોધ કર્યો હતો, મને થપ્પડ મારતા હતા આ મુદ્દે વિરોધ કરી રહેલા બ્રાહ્મણોએ જણાવ્યું હતું કે તેમને સતત વાસી ખોરાક આપવામાં આવી રહ્યો હતો. જેના વિરોધમાં, તેમણે અગાઉ આયોજકોના બાઉન્સર્સ એટલે કે ગાર્ડ્સ સાથે પણ બોલાચાલી કરી હતી. બ્રાહ્મણોએ એવો પણ આરોપ લગાવ્યો કે પહેલા દિવસથી જ બાબાના સુરક્ષા ગાર્ડ્સ (બાઉન્સર) તેમને એક યા બીજી વાત માટે હેરાન કરી રહ્યા હતા. તે ગમે ત્યારે કોઈને પણ માર મારતા હતા. જો કોઈ ફરતું જોવા મળે તો તેને થપ્પડ મારવામાં આવતી અથવા લાકડીથી મારવામાં



આવતો.આયોજક સ્વામી શુભે કહ્યું - તોફાની તત્વોએ આ કર્યું યજ્ઞના આયોજક આચાર્ય સ્વામી શુભે કહ્યું કે આ કૃત્ય કોઈ તોફાની તત્વ દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ પોતે પણ આ મામલાની તપાસ કરી રહ્યા છે. તે પોતાના યજ્ઞમાં કોઈ અવરોધ કેમ ઈચ્છશે? જે પણ આરોપી હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

# વાંકાનેર તાલુકામાં બે અપમૃત્યુના બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અલગ અલગ સ્થળોએ બનેલ અપમૃત્યુના બે બનાવની પોલીસ ચોપડે નોંધ કરવામાં આવી છે. જેમાં પીપળીયા રાજ ગામે ઝેરી દવા ગટગટાવીને જ્યારે રાતાવીરડા ગામે ગળેફાંસો ખાઈ એમ બે યુવકોએ આપઘાત કરી લીધા હોવાના બનાવમાં પોલીસે અ.મોતની નોંધ કરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવ મામલે પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ એમપી ના ખરગોન જીલ્લાના ચૌડી મુહલે મોડી અજનગથની ના વતની હાલ વાંકાનેર તાલુકાના પીપળીયા રાજ ગામની સીમમાં યાશીનભાઈની વાડીએ રહેતા રૂપસીંગ કિરૂભાઇ ભુરીયા ઉવ.૩૪ નામના યુવકનું પોતાના વતનમાં મકાન ચોમાસામાં પડી ગયેલ હોય અને નવુ મકાન બનાવુ હોય પરંતુ હાલ તેની પાસે રૂપીયા ન હોય જેથી ટેન્સનમાં રહેતા હોય, ત્યારે ગઈકાલ તા.૨૧/૦૩ના રોજ આર્થિક સકળામણના કારણે પોતાની જાતે વાડીની ઓરડી પાસે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી આપઘાત કરી લેતા રૂપસિંગનું મૃત્યુ નિલજ્યું હતું, ત્યારે મૃતકની ડેડબોડી સરકારી હોસ્પિટસલમાં લાવતા વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી છે.



જયારે અપમૃત્યુના બીજા બનાવમાં વાંકાનેર તાલુકાના રાતાવીરડા ગામની સીમમાં લોસેરો સીરામીકમાં ટ્રક કન્ટેઈનર ચાલક દિનેશસિંહ ગોવિંદસિંહ રાવત ઉવ.૨૭ રહે.હાલ શીવાય લોજેસ્ટીક ગાંધીધામ કચ્છ આર્કેડ મુળરહે.તીલાજીકીગોલ તા.ભીમ પોસ્ટ (રાજસ્થાન) વાળાએ કોઈપણ કારણોસર પોતાની જાતેથી પોતે ચલાવતા ટ્રક (કન્ટેનર) રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૮૫૯૪ વાળામાં પાછળના ભાગે ગળાફાંસો ખાઇ લેતા તેનું મોત નીપજ્યું હોય, ત્યારે તાલુકા પોલીસે મૃત્યુના બનાવ મામલે પ્રાથમિક વિગતો મરલવી અ. મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ ઝુંબેશ શરૂ

## દર બુધવારે દબાણો અને હવે દર શુક્રવારે ગેરકાયદે બાંધકામો તોડવાની કાર્યવાહી કરવામાં આવશે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ગેરકાયદે બાંધકામો પર કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. દર બુધવારે દબાણો હટાવવા અને હવે દર શુક્રવારે ગેરકાયદે બાંધકામો તોડવા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેમાં લખધીરવાસ ચોકથી આ ડ્રાઈવનો પ્રારંભ થયો છે, જેમાં માર્જિન છોડ્યા વગર કરેલ કોમ્પ્લેક્ષના બાંધકામનો ભાગ તોડી પાડવામાં આવ્યો છે, આ સાથે કુલ ૬૩ બિનઅધિકૃત બાંધકામોને નોટિસો આપવામાં આવી છે, અને હવે હર શુક્રવારે આવા બાંધકામો તોડવાની કાર્યવાહી હાથ ધરાશે તેમ મનપાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

મોરબી શહેરમાં ગેરકાયદે બાંધકામો ઉપર મહાનગરપાલિકા દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા છે. દર બુધવારે દબાણો હટાવવાની ઝુંબેશ બાદ, હવે દર શુક્રવારે ગેરકાયદેસરના બાંધકામો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે, જેમાં ડીમોલિશનની શરૂ થયેલી ઝુંબેશ હેઠળ લખધીરવાસ ચોકમાં માર્જિન છોડ્યા વગર બિલ્ડિંગ ઉભું કર્યું હતું તેટલો ભાગ મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યો છે. અગાઉ ૬૩ ગેરકાયદે બાંધકામોને નોટિસ અપાઈ હતી, જેમાં આજથી ડીમોલિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, બપોર બાદ મહાનગરપાલિકા દ્વારા આલાપ રોડ પર બે માળના બિનઅધિકૃત બંગલાનું ડીમોલિશન શરૂ કરવામાં આવ્યું હતું. આ બાંધકામ માટે અગાઉ નગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી હતી, પરંતુ બાંધકામ ચાલુ રહેતા હવે તેને તોડવામાં આવ્યું છે.

ત્યારબાદ સાંજે મહાનગરપાલિકાની ટીમ અવની પાર્ક સોસાયટી વિસ્તારમાં પહોંચતા ત્યાં ખેતરની જમીન ઉપર ઉભું કરવામાં આવતુ કોમ્પ્લેક્ષ કે જેનું હાલ બાંધકામ ચાલુ હોય તેને પણ તોડી પાડવામાં આવ્યું છે, શરૂઆતમાં આ કોમ્પલેક્ષને તોડી પાડવા માટે વિરોધ ઉભો થયો હતો જેમાં કોમ્પ્લેક્સ તોડવા જઈ રહ્યા હતા ત્યારે મહિલાઓ પિલર પાસે ઉભી રહી ન હટવાની જીદ પકડી હતી.



બીજીબાજુ જમીન માલીક દ્વારા જરૂરી મંજૂરીઓ હોવાનો દાવો કરી રહ્યા હતા, અને સ્થળ ઉપર પણ માલીક દ્વારા તમામ દસ્તાવેજી પુરાવા રજૂ કરાયા હતા, જયારે મહાનગરપાલિકા કહે છે કે આ જમીન ખેતી માટેની છે અને બાંધકામ ગેરકાયદેસર છે. આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે. ત્યારે વિવાદને જોતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને સમજાવટ બાદ બાંધકામના બાકીના પિલર તોડી નાખવામાં આવ્યા હતા.

# ભુજ-મોરબી-રાજકોટ સ્પેશિયલ ટ્રેનનો પ્રારંભ, અગ્રણીઓ દ્વારા સ્વાગત કરાયું

## લાંબા સમય બાદ રેલ્વે વિભાગનો મહત્વનો નિર્ણય, હવે ભુજથી રાજકોટ માટે સુગમ મુસાફરી

**મુખ્ય સમાચાર,મોરબી**

રેલ્વે વિભાગ દ્વારા ભુજ-મોરબી-રાજકોટ સ્પેશિયલ ટ્રેનનો ગઈકાલથી પ્રારંભ કરવામાં આવ્યો છે. મોરબી રેલ્વે સ્ટેશન પર આ ટ્રેનનું સ્વાગત ભાજપના જીલ્લા પ્રમુખ અને આગેવાનો તથા પત્રકાર એસોસિયેશન દ્વારા કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી આ ટ્રેન માટે લોકોની માંગ હતી, જેને ધ્યાને લઈ રેલ્વે વિભાગે અઢી મહિના માટે આ સેવા શરૂ કરી છે. ટ્રેન દરરોજ સવારે ૬.૫૦ કલાકે ભુજથી શરૂ થશે અને બપોરે ૧.૩૫ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન મોરબી, દહીંસરા, માળીયા(મી), સામખીયાળી, ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે.

મોરબીમાં લાંબા સમય પછી ભુજ-મોરબી-રાજકોટ માટે ખાસ ટ્રેન શરૂ થતા મુસાફરોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. ગઈકાલ તા.૨૧ માર્ચના રોજ શરૂ થયેલી આ ટ્રેનનું મોરબી રેલ્વે સ્ટેશન ખાતે જીલ્લા ભાજપ પ્રમુખ જયંતિભાઈ રાજકોટિયાની આગેવાની હેઠળ આગેવાનો તથા પત્રકાર એસોસિયેશન દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે જીલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે આ ટ્રેન માટે લાંબા સમયથી માંગ હતી. ત્યારે રેલ્વે દ્વારા અઢી મહિના માટે શરૂ કરવામાં આવી છે, પરંતુ હાલ આ ટ્રેન કાયમી ચાલે તેવા પ્રયત્નો ચાલુ છે.

ભુજ-મોરબી-રાજકોટ ટ્રેનનું ટાઈમ ટેબલ જોઈએ તો ભુજથી સવારે ૬.૫૦ એ ઉપડશે તે મોરબી ૧૧.૨૨ કલાકે પહોંચશે જ્યારે રાજકોટ ૧.૩૫ કલાકે પહોંચશે, આ ઉપરાંત રાજકોટથી બપોરે ૨.૩૦ કલાકે પરત ઉપડશે જે મોરબી બપોરે ૩.૫૧ પહોંચશે અને ભુજ રાત્રે ૯.૪૦ કલાકે પહોંચશે, આ ટ્રેન મોરબી, દહીંસરા, માળીયા(મી), સામખીયાળી, ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે. મહત્વપૂર્ણ છે કે આ ટ્રેન માટે સ્થાનિક આગેવાનો અને મુસાફરો લાંબા સમયથી માંગ કરી રહ્યા હતા. જો આ ટ્રેનને સારો પ્રતિસાદ મળશે, તો તેને કાયમી કરવા માટે રેલ્વે વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવી શકે છે.



# જામનગર મહાનગરપાલિકા દ્વારા રીનોવેશન કરાયેલા ટાઉનહોલમા ભ્રષ્ટાચાર





## જામનગરના ટાઉનહોલમાં ૨ મહિનામાં જ પોપડા ખરવા લાગ્યા, ૭ કરોડના ખર્ચે કરાયેલું રિનોવેશન પર પાણી ફર્યું

જામનગર મહાનગર પાલિકા દ્વારા ૭ કરોડ રૂપિયાના જંગી ખર્ચે ટાઉનહોલ રીપેરિંગનું કામ ખાનગી પાર્ટીને સોંપવામાં આવ્યું હતું. જે કામમાં ભ્રષ્ટાચારની શંકા સેવાઈ રહી હતી જે આખરે સાચી પડતી જણાય છે. હકીકતમાં આટલા ખર્ચા બાદ પણ હોલની ડ્રેનેજની લીકેજ થતી પાઈપલાઈનનું પાણી નીચેના એસી હોલમાં ટપકતું જોવા મળ્યું હતું. ૪ કરોડનો ખર્ચ ૭ કરોડ દર્શાવાયો.નોંધનીય છે કે, ગત ૨૦૨૨ના વર્ષમાં આ ટાઉનહોલ બંધ કરીને તેનું ૪ કરોડ રૂપિયાના ખર્ચે રિનોવેશન કરવાની મ્યુ. તંત્રએ જાહેરાત કરી હતી. પરંતુ કામ લંબાતું જ ગયા બાદ ગત જાન્યુઆરી-૨૦૨૫માં ટાઉનહોલને ફરી ખુલ્લો મુકાયો હતો, જે વખતે ટાઉનહોલનો રીપેરીંગ ખર્ચ ૪ કરોડમાંથી સીધો ૭ કરોડનો દર્શાવવામાં આવ્યો હતો. એક નવો ટાઉન હોલ બની જાય તેવા ખર્ચાળ રિનોવેશન સામે જે તે સમયે વિપક્ષ દ્વારા ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરવા સાથે સવાલો કરવામાં આવ્યા હતા. જેમાં હવે તથ્ય હોય તેવું દેખાઈ રહ્યું છે.હાલ, મુખ્ય ટાઉનહોલના નીચેના ભાગમાં બનાવવામાં આવેલા એ.સી. સેલર હોલની છતમાં ઉપરની પાણીની લાઈનમાં લીકેજ થતું જોવા મળ્યું છે. આ સિવાય છતમાં વચ્ચોવચથી પોપડા પણ ખરી રહ્યા છે અને ત્યાંથી પાણી પણ લિકેજ થતું જોવા મળી રહ્યું છે. ૭ કરોડ રૂપિયાના ખર્ચ સાથે રિનોવેશન કરાયેલાં ટાઉનહોલની માત્ર બે માસમાં જ આવી સ્થિતિ સર્જાઈ છે. જેથી આવા બેદરકારીભર્યા કામ બાબતે મ્યુનિ. કમિશનરે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ, તેવી માંગ ઉઠી રહી છે.આ અંગે વિપક્ષના નેતા ધવલભાઈ નંદા જણાવે છે કે, અમે જનરલ બોર્ડની બેઠકમાં રિનોવેશન બાદ ટાઉનહોલમાં બહાર અને અંદર વિકલાંગો માટેની વ્યવસ્થા ન હોવાની, લાદીઓ ઉખડી ગયાની અને કામમાં ભ્રષ્ટાચાર થયાની આશંકા વ્યક્ત કરી તપાસ માંગી હતી. જે અમારી આશંકા હવે સાચી ઠરતી હોય તેમ લાગે છે. ચોક્કસ મળતીયાઓને કમાવી દેવાના કીમિયાના કારણે પ્રજાના નાણાંનો વેડફાટ થઇ રહ્યો છે, જે મામલે જવાબદાર એવી કામ કરનાર પાર્ટી સામે પગલાં લેવાની પણ માંગ કરાઈ છે.

# જામનગર જીલ્લામાં ખિલખિલાટ રસીકરણ અભિયાન અંતર્ગત ઓરી-રૂબેલા વેક્સિનેશનનું બે દિવસીય આયોજન કરાયું



ભારત સરકારે ઓરી(મીઝલ્સ) અને રુબેલા સામે લડવા વિશ્વના સૌથી મોટા ટીકાકરણ અભિયાનની શરુઆત કરી છે. આ અભિયાન અંતર્ગત રસીકરણથી વંચિત રહી ગયેલા અને બહાર ગામથી આવેલા બાળકોને આવરી લેવામાં આવે છે. ૯ મહિનાથી ૫ વર્ષ સુધીના બાળકોને એમ.આર-૧ અને એમ.આર-૨ રસી મુકવામાં આવે છે જેથી કરીને બાળકોને ઓરી-રૂબેલાનો ચેપ ન લાગે. એમ.આર. રસી બાળકો માટે સંપુર્ણપણે સુરક્ષિત છે. આ રસીનો ઉપયોગ ૧૫૦થી વધુ દેશોમાં થઈ રહ્યો છે. આ રસી આપવાથી બાળકોમાં બન્ને રોગ થવાની સંભાવના ખુબ ઓછી રહે છે. જામનગર જીલ્લામાં ખિલખિલાટ રસીકરણ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બે દિવસ દરમિયાન બાળકોનું રસીકરણ કરવા માટે ૧૦૫ સેશન રાખવામાં આવ્યા હતા અને ૩૫૦ જેટલા બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત છેવાડાના વિસ્તારમાં મોબાઈલ વાન મારફતે રસીકરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધારવા અને વંચિત બાળકોનું રસીકરણ કરવામાં આવે તે પ્રકારે પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો.

# મોરબી મનપાની કડક કાર્યવાહીઃ જાહેરમાં ગંદકી કરતા લોકોના ફોટા હોર્ડિંગ્સમાં પ્રદર્શિત કરાયા

## જાહેરમાં ગંદકી ન ફેલાવે તે માટે નવી પહેલ, પકડાયેલી વ્યક્તિઓ પાસેથી દંડ વસૂલાત




મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેરમાં યુરીનેશન કરતા લોકોની સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં તેમના ફોટા પાડી, મોટા હોર્ડિંગ્સ પર પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સાથે સાથે પકડાયેલી વ્યક્તિઓ પાસેથી રૂ.૨૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મોરબી શહેરની સફાઈ અને સ્વચ્છતા જાળવી રાખવા માટે મહાનગરપાલિકા સતત નવી પહેલ કરી રહી છે. જાહેરમાં ગંદકી અને ખુલ્લેઆમ પેશાબ કરવું ગેરકાયદેસર છે, તેમ છતાં ઘણા લોકો આ નિયમોનું ઉલ્લંઘન કરતા હોય છે. મનપાએ આવા લોકો સામે કડક વલણ અપનાવી એક નવી અને કડક યોજના અમલમાં મૂકી છે, જેમાં જાહેરમાં પેશાબ કરતા પકડાયેલા લોકોના ફોટા કલેક્ટ કરી, શહેરના અલગ-અલગ સ્થળે મોટા હોર્ડિંગ્સ પર મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત આ લોકો પાસેથી રૂ.૨૦૦ દંડ વસૂલવામાં આવ્યો અને શહેરવાસીઓને ચેતવણી પણ આપવામાં આવી કે જો તેઓ જાહેરમાં પેશાબ કરતા ઝડપાશે, તો તેમનો ફોટો પણ આ રીતે પ્રદર્શિત કરવામાં આવશે.

# વાંકાનેર સીટી પોલીસે પેરોલ જમ્પ આરોપીને ઝડપી લઈ રાજકોટ જેલ હવાલે કર્યો



રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહેલ પાકા કામનો કેદી પેરોલ રજા લઈને જેલમાંથી છૂટી નિયત તારીખે જેલ ખાતે હાજર નહિ થઈ પેરોલ જમ્પ કરી હોય તે આરોપીને વાંકાનેર સીટી પોલીસ દ્વારા પકડી લઈ રાજકોટ જેલ હવાલે કર્યો છે. મોરબી જીલ્લા પોલીસવડા દ્વારા જીલ્લામાં નાસતા ફરતા તથા પેરોલ-ફર્લો જંપના આરોપીઓને પકડી પાડવા અવાર નવાર વિશેષ ડ્રાઈવનું આયોજન કરી આરોપીઓને પકડી પાડવા કડક સુચના કરવામાં આવતી હોય જે અન્વયે વાંકાનેર સીટી પોલીસ પીઆઇ એચ.એ.જાડેજાના માર્ગદર્શન અને સૂચના મુજબ સીટી પોલીસ ટીમ પ્રત્યનશીલ હોય ત્યારે મળેલ હકિકત આધારે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહેલ પાકા કામના કેદી શાહરૂખભાઈ શબ્બીરભાઈ દરજાદા રહે-૨૫ વારીયા વાંકાનેર વાળો ફર્લો રજા પર બહાર આવેલ હોય અને ફર્લો રજા પુર્ણ થતા જેલમાં હાજર થયેલ ન હોય અને ફરાર થયેલ જે પાકા કામના કેદીને વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવા તજવીજ કરવામા આવેલ છે.

# આટકોટની નદીમાં પ્રોઢ ડૂબી ગયાની આશંકાથી શોધખોળ



આટકોટ અંબાજી મંદિર નજીક ૪૫ વર્ષીય આધેડ નદીમાં ડૂબ્યો હોય જેને લઈ ને જસદણ ની ફાયરબ્રિગેડ ની ટીમ ઘટના સ્થળે દોડી ગય હતી અને શોધખોળ હાથ ધરી હતી. આ અંગેની માહિતી મુજબ જીવાપર ગામના વિજય લાખા સાથળીયા નામના આધેડ નદીમાં નદી કિનારેથી કપડા ફોન ટુ-વ્હીલર પણ મળી આવ્યું તેમજ માછલી પકડવા ની જાળ મળી આવી હતી ઘટના સ્થળે જસદણ ફાયર બ્રિગેડ ની ટીમ આટકોટ પોલીસ ઘટના સ્થળે પહોંચીઆટકોટ પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા આધેડની શોધ ખોળ શરૂ કરી છે. આધેડને પરિવાર સાથે બે દિવસ પહેલાં ઝગડો થયો હતો નું જણાવ્યું હતું પોલીસ ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. વિજયભાઈને બે દીકરા, એક દીકરી છે. મજુરી કરી પરીવારનું ગુજરાત ચલાવે છે.

# વાંકાનેરમાં કુખ્યાત બુટલેગરે સરકારી જમીન પરનું કરેલ દબાણ દૂર કરાવતી વાંકાનેર સીટી પોલીસ

## અસામાજિક ગુંડાતત્વો વિરુદ્ધ મોટી કાર્યવાહી, સરકારી જમીન ઉપરના રૂ.૫ કરોડના દબાણને દૂર કરાયું


**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર સીટી પોલીસ અને નગરપાલિકાની સંયુક્ત કામગીરી અન્વયે લિસ્ટેડ બુટલેગર દ્વારા સરકારી જમીન પર કરાયેલ લગભગ ૧૮૦૦ વાર દબાણ, જેની અંદાજીત કિંમત રૂ.૫ કરોડ છે, તેને દૂર કરવામાં આવ્યું હતું.

મોરબી જીલ્લામાં અસામાજિક તત્વો અને ગેરકાયદેસર દબાણો સામે પોલીસ દ્વારા અવિરત અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે એસ.પી.રાહુલ ત્રિપાઠી અને નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડાના માર્ગદર્શન હેઠળ આ ખાસ ઝુંબેશ હેઠળ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહીમભાઈ રાયધનભાઈ મોવર રહે.વાંકાનેર વીશીપરા, જે પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે, તેણે સરકારી જમીન ઉપર અનધિકૃત દબાણ કરી રાખ્યું હતું. આ દબાણ વાંકાનેરના વીશીપરા વિસ્તારમાં આશરે ૧૮૦૦ વાર સરકારી જમીન પર કરવામાં આવ્યું હતું, જેની અંદાજીત ૫ કરોડ જેટલી હોય, જે વાંકાનેર નગરપાલિકા અને સીટી પોલીસની સંયુક્ત કાર્યવાહી દ્વારા આ દબાણ હટાવી દેવામાં આવ્યું છે.



# જામનગર વીજ પોલીસ મથકમાં વીજચોરી અંગે વધુ ૪૯ સામે નોંધાયા ગુન્હા



જામનગર જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા અસામાજિક તત્વો સામે છેલ્લા ત્રણ દિવસથી કડક હાથે કામ લેવામાં આવી રહ્યું છે. અને જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ ના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર શહેર જિલ્લામાં મોટાપાયે પોલીસ દ્વારા વિજ ચોરી સંદર્ભે પણ અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.તેમાંય ખાસ કરીને બુટલેગરો સહિતના શખ્સો ના રહેણાંક મકાનો પર વિજ તંત્રને સાથે રાખીને ગઈકાલે ૧૦૦ થી વધુ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં વધુ ૪૯ ઘરોમાં વીજ ચોરી થતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે, અને આ અંગેના અલગથી ગુનાઓ નોંધવામાં આવી રહ્યા છે. છેલ્લા ૪ દિવસ દરમિયાન વીજ પોલીસ મથકમાં કુલ ૨૨૮ જેટલા વિજ ચોરી ના ગુના નોંધવામાં આવ્યા છે. જેમાં સૌપ્રથમ દિવસે ૧૧ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, ત્યારબાદ બીજા દિવસે ૫૩ ગુના નોંધવામાં આવ્યા હતા, ત્રીજા દિવસે ૯૫ અને ગઈકાલે મોડી રાત્રી સુધીમાં વધુ ૪૯ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ રહી હતી, અને છેલ્લા ચાર દિવસ દરમિયાન ૨૨૮ થી વધુ વીજ ચોરીના ગુના દાખલ કરવામાં આવ્યા છે, અને તેમાં કુલ એક કરોડ પચાસ લાખ નો વીજ ચોરીનો દંડ ફટકારવામાં આવ્યો છે

# વીરપુરની પરણીતાએ ઝેરવાળો આઈસ્ક્રીમ ખાઈ લેતા નિપજયું મોત

## પુત્રીએ રમત રમતમાં ઝેરી દવા ભેળવી દેતા બની કરૂણ ઘટના



જેતપુરનાં વિરપુર ગામે આવેલી રામબાગ સોસાયટી પાસે ઝુપડપટ્ટીમા રહેતા પરીવારની ૩ વર્ષની બાળકીએ રમતા રમતા ચા અથવા આઇસ્ક્રીમમા ઝેરી દવા ભેળવી દીધી હતી ઝેરી દવા ભેળવી દીધેલી આઈસ્ક્રીમ માતાએ ખાઈ લેતા તબીયત લથડી હતી. પરણીતાનુ સારવારમા મોત નીપજતા પરીવારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ જેતપુરનાં વિરપુર ગામે આવેલી રામબાગ સોસાયટી પાસે ઝુપડપટ્ટીમા રહેતી પુજાબેન વિક્રમસિંહ નામની ૨૪ વર્ષની પરણીતા બપોરનાં પોતાનાં ઘરે હતી ત્યારે ઝેરી દવા પી લીધી હતી. પરણીતાને ઝેરી અસર થતા સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલમા દાખલ કરવામા આવી હતી. જયા પરણીતાનુ મોત નીપજતા પરીવારમા પામી હતી આ અંગે રાજકોટ સિવીલ હોસ્પીટલ પોલીસ ચોકીનાં સ્ટાફે વિરપુર પોલીસને જાણ કરતા વિરપુર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરણીતાનાં મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે મેડીકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમીક પુછપરછમા મૃતક પુજાબેન મુળ આગ્રાની વતની હતી અને વિક્રમસિંગ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પુજાબેનને સંતાનમા એક ૩ વર્ષની પુત્રી છે. પુત્રી મોનીતાએ રમતા રમતા ચા અથવા આઇસ્ક્રીમમા ઉંદર મારવાની ઝેરી ટયુબ નાખી દીધી હતી. જે ચા અથવા આઇસ્ક્રીમ ખાઈ જવાથી પુજાબેનનુ ઝેરી અસર થતા મોત નીપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે વિરપુર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ત્રાકુડા ગામે પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કરી દારૂનો જથ્થો પકડી પાડયો

## ગોંડલ તાલુકા પોલીસે એક્સ યુ વી કાર સહિત કુલ રૂપિયા ૬.૫૧ લાખનો મુદ્દા માલ કબજે કરી ચાલકની શોધખોળ શરૂ કરી










**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકા પોલીસ નો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ગુંદાળા ગામે પહોંચતા એક સફેદ કલરની એક્સ યુ વી કાર નંબર લષ ૩ ૫હ ૩૯ ૫૯ નંબરની શંકાસ્પદ રીતે નીકળી નાસી જતા પોલીસે કારનો પીછો કરી ત્રાકુડા ગામ પાસે કાર રેઢી મૂકી ચાલકનાસી જતા પોલીસે કારમાંથી ૨૭૪ બોટલ દારૂ કબજે કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ પ્રોફેશનલ આઈ પી એસ ડોક્ટર નવીન ચક્રવર્તી ની સૂચનાથી ગોંડલ તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા જીતેન્દ્રસિંહ વાળા કોન્સ્ટેબલ રવિરાજસિંહ વાળા તથા સંજયભાઈ મકવાણા અને રણજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગુંદાળા ગામ પાસે પહોંચતા એક સફેદ કલરની એક્સયુવી કાર શંકાસ્પદ રીતે આગળ જતી હોય જેનો પીછો કરતા કારચાલક જામકનોડા ગામ તરફના રસ્તે કાર અહંકારી નાસી ગયો હતો બાદમાં ત્રાકુડા ગામ પાસે કાર રેઢી મૂકી ચાલક ફરાર થઈ જતા પોલીસે કારની તલાસી લેતા તેમાંથી ૨૭૪ બોટલ વિદેશી દારૂ કિંમત ₹૨,૫૧,૭૫૦ નો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત કુલ રૂપિયા ૬.૫૧ લાખનો મુદ્દા માલ કબજે કરી કાર્ડ નંબરના આધારે નાસી ગયેલા ચાલકની શોધખોળ શરૂ કરી છે.

બીજા બનાવમાં ગોંડલ તાલુકા પોલીસ ના સ્ટાફે ગુણાવા ગામની સીમમાં ભુપેન્દ્રસિંહ ઉર્ફે ગોપી જગદીશ સિંહ જાડેજા ને દબોચી લઈ તેના કબજા માંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૮૦ બોટલ કિંમત રૂપિયા ૬૦૮૦૦ નો મુદ્દા માલ કબજે કરે વધુ તપાસ હાથ ધરી છે.

# રૈયાધાર ખાતે ૩૦ આસામાજીક તત્વોનાં ઘર પર બુલડોઝર ફેરવી દેવા કવાયત

## અનઅધિકૃત રીતે ખડકાયેલા ૩૦ અસામાજિક તત્વોના મકાનોનું લીસ્ટ કલેકટર તંત્રને સોંપવામાં આવ્યા બાદ તંત્ર એકશન મોડમાં આવ્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં સર્વે નં.૨૧૮ સહિતની સરકારી જમીન પર કાચા-પાકા મકાનો ખડકી કબ્જો જમાવી બેઠેલા અસામાજીક તત્વોના આ રહેણાંકોનુ લીસ્ટ શહેર પોલીસ દ્વારા કલેકટર તંત્રને સોંપી દેવામાં આવેલ છે.જે બાદ પશ્ચિમ તાલુકા મામલતદાર જોષીએ એકશન મોડમાં આવી અસામાજીક તત્વોનાં મિલકત રેકર્ડની તપાસણી માટે ધડાધડ નોટીસો ફટકારવાની કાર્યવાહી શરૂ કરી છે. રાજયમાં ગુનેગારો, હિસ્ટ્રીશીટરો અને લુખ્ખા તત્વોને અંકુશમાં લેવા માટે રાજય પોલીસ વડા દ્વારા આદેશ કરવામાં આવેલ હોય પોલીસ દ્વારા અસામાજીક તત્વોના લીસ્ટ તૈયાર કરી નક્કર સ્વરૂપની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં શહેર પોલીસ દ્વારા રૈયાધાર વિસ્તારમાં સર્વે નં.૨૧૮ સહિતની સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા ૩૦ અસામાજીક તત્વોના મકાનોનું લીસ્ટ કલેકટર તંત્રને સોંપવામાં આવ્યા બાદ તંત્ર એકશન મોડમાં આવી જવા પામેલ છે.જેના પગલે તાલુકા મામલતદાર જોશી દ્વારા આ ૩૦ મકાનોનાં મિલકત રેકેર્ટની તપાસણી માટે નોટીસો ફટકારવાની કાર્યવાહી આરંભી દેવામાં આવેલ છે.

# પત્નિ પાસે ફોન લેવા આવેલા યુવાન પર પત્નિના પ્રેમીએ છરીથી હુમલો કર્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુળ રાજકોટના અને હાલ જામનગર રહી મજૂરી કરતાં યુવાને બે વર્ષ પહેલા જેની સાથે લવમેરેજ કર્યા હતાં તે યુવતિ તેને મુકી ત્રણેક મહિનાથી રાજકોટ બીજા પ્રેમી સાથે રહેવા આવી ગઈ હોઈ આ યુવાન પોતાનો મોબાઈલ ફોન પત્નિ પાસેથી પરત લેવા અને લગ્નના ડોક્યુમેન્ટ તેણીએ મંગાવ્યા હોઈ તે પરત દેવા આવ્યો ત્યારે રૈયા ચોકડીએ પત્નિના પ્રેમીએ તને શેની હવા છે? કહી છરીના ઘા મારી દેતાં લોહીલુહાણ થઈ ગયો હતો.

આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે જામમનગર માટેલ ચોક રામેશ્વરનગર મેઈન રોડ પર વાલભાઈના મકાનમાં ભાડેથી રહેતાં અને છુટક મજૂરી કરતાં મનિષ લાલચંદભાઈ ટેકવાણી (ઉ.વ.૨૯)ની ફરિયાદ પરથી રાજકોટના વંશ ઉર્ફ વિકાસ ઉર્ફ માનસિક પરમાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મનિષ ટેકવાણી સાંજે ચારેક વાગ્યે રાજકોટ રૈયા રોડ સર્કલ પાસે હતો ત્યારે તેના પર છરીથી હુમલો કરી હાથ, માથામાં ઈજાઓ પહોંચાડવામાં આવતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. મનિષે જણાવ્યું હતું કે હુ ત્રણ વર્ષથી જામનગર રહુ છું, મારુ મુળ વતન રાજકોટ છે અને દુધસાગર રોડ પર આકાશદીપ સોસાયટીમાં ક્વાર્ટર નં. ૯૨માં મારુ ઘરે છે. મેં બે વર્ષ પહેલા રેલનગરની માનસી નારાયણભાઈ સોઢા સાથે પ્રેમ થઈ જતાં તેની સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. આ પછી હુ અને પત્નિ બે વર્ષથી જામનગર રહેતાં હતાં.

જો કે એકાદ વર્ષથી મારી પત્નિે રાજકોટના વંશ ઉર્ફ વિકાસ ઉર્ફ માનસિક પરમાર નામના છોકરા સાથે પ્રેમ થઈ જતાં તે મને છોડીને ત્રણેક મહિનાથી વંશ સાથે રહેવા આવી ગઈ છે. મારો ફોન કે જે મેં લીધો હતો તે મારી પત્નિ માનસી પાસે હોઈ તેમજ અમારા લગ્નના ડોક્યુમેન્ટ મારી પાસે હોઈ જે મારી પત્નિએ માંગતા હું શુક્રવારે મારો મોબાઈલ ફોન લેવા ડોક્યુમેન્ટ તેણીને આપવા રાજકોટ આવ્યો હતો. મારી સાથે મામાનો દિકરો મનિષ ડાવરા અને મિત્ર જયરાજ પટેલ પણ હતાં.

અમે ત્રણેય રૈયા ચોકડીએ હતાં ત્યારે મારી પત્નિ અને તેનો પ્રેમી વંશ આવ્યા હતાં. મેં ડોક્યુમેન્ટ મારી પત્નિને આપી દઈ મારો મોબાઈલ ફોન પાછો માંગતા તેણીએ ના પાડી કહેલું કે-પહેલા તું છુટાછેડા આપી દે પછી જ ફોન આપીશ. આ વાતચીત ચાલુ હતી ત્યારે મારા મામાનો દિકરો અને મિત્ર નીકળી ગયા હતાં. હું પણ પરત જામનગર જવા રવાના થતો હતો ત્યાં વંશ ઉર્ફ વિકાસ ઉર્ફ માનસ્કિ અચાનક મારી પાસે આવ્યો હતો અને-તારે શેની હવા છે? કહી છરી કાઢી માથામાં બે ઘા મારી દીધા હતાં. ત્રીજો ઘા મારતાં મેં ડાબો હાથ આડો રાખતાં હાથમાં ઈજા થઈ હતી. દેકારો મચી જતાં અને હું લોહીલુહાણ થઈ જતાં વંશ અને મારી પત્નિ ભાગી ગયા હતાં. લોકોએ મને વધુ મારથી બચાવ્યો હતો. દરમિયાન મારા મિત્રને મેં બોલાવી લેતાં તે ઈકો મારફત હોસ્પિટલે લઈ ગયો હતો.

હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, ચંદ્રસિંહ, તૌફિકભાઈ, કાનાભાઈ, ધર્મેન્દ્રભાઈએ જાણ કરતાં ગાંધીગ્રામના પીએસઆઈ પી. બી. પટેલે ગુનો નોંધી વંશની શોધખોળ હાથ ધરી છે

# કોઠારીયા રોડ પર પરમેશ્વર સોસાયટીમાં ૨૬ મકાનો પર બુલડોઝર ફેરવી દેતા બબાલ

## મહિલાઓએ માથાકુટ કરીઃ ટીપી શાખા આવી પહોંચતા ટોળા ઉમટયાઃ રોડની પર૫ ચોરસ મીટરની જગ્યા ખુલ્લી થઈ





**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૭ના પરમેશ્વર સોસાયટી રોડ પર આજે બપોરે ડિમોલીશન શરૂ કરવામાં આવતા મહિલાઓ આડી આવી હતી અને માથાકૂટ કરતા વિજીલન્સ પોલીસે તેમને દુર ખસેડયા હતા. બપોરે ૨૬ જેટલા મકાનો અને કારખાનું તોડી પાડીને જગ્યા ખુલ્લી કરાવવામાં આવી હતી.

આ ડિમોલીશન અંગે મનપાએ જાહેર કરેલી પ્રાથમિક વિગત મુજબ વોર્ડ નં.૧૭માં પરમેશ્વર સોસાયટીમાં આજે ડિમોલીશન રાખવામાં આવ્યું હતું. ડે.કમિશ્નર એચ. આર. પટેલની સૂચના અનુસાર તથા એડી. સીટી એન્જીનીયર એ. એ. રાવલના માર્ગદર્શન હેઠળ ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજે સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં. ૧૭માં ટી.પી.સ્કીમ નં.૧૦(રાજકોટ), ૧૫.૦૦ મીટર ટી.પી.રોડ પર પરમેશ્વર સોસાયટી શેરી નં.૩ પબ્લીક મેઈન રોડમા ૨૦ પાકા મકાન (પાર્શીયલ) તેમજ ૬ કાચા મકાન રહેણાંક તથા ઈન્ડસ્ટ્રીયલ ગેરકાયદેસરબાંધકામ દુર કરી અંદાજે પર૫ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવેલ છે. આ ડિમોલીશન સમયે મહિલાઓ તેમના મકાન દુર થતા બહાર નીકળી પડી હતી અને વિજીલન્સ પોલીસ સાથે રકઝક કરીને બુલડોઝર રોકવા પ્રયાસ કર્યા હતા. પરંતુ મહિલા સહિતના પોલીસ બંદોબસ્ત વચ્ચે આ કાર્યવાહી આગળ ધપાવવામાં આવી હતી. આમ તો ત્રણ મહિના અગાઉ પણ આ જગ્યા ખાલી કરવા નોટીસો આપવામાં આવી હતી. પરંતુ લોકોએ જાતે આ દબાણ દુર ન કરતા આજે ઓપરેશન કરવામાં આવ્યું હતું. એક કારખાનાનું બાંધકામ પણ તોડી પાડવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ તેમજ દબાણ હટાવ શાખા, ફાયર ઓફીસ સ્ટાફ, સોલીડ વેસ્ટ સ્ટાફ, બાંધકામ શાખા સ્ટાફ તથા રોશની શાખા નો સ્ટાફ સ્થળ પર હાજર હતા. તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ હાજર હતો જે કારણે રકઝક થતા અટકી ગઈ હતી.

# સિવિલમાં મહિલાનું મોત થતા તબિબની બેદરકારીનો પરિવારજનોનો આક્ષેપ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણનાં ગઢડીયા ગામે રહેતી પરણીતાને બેભાન હાલતમા સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલમા દાખલ કરવામા આવી હતી. જયા પરણીતાને સારવાર દરમ્યાન મોત નીપજયુ હતું. પરણીતાનાં મોતને લઈને પરીવાર દ્વારા પરણીતાને ઈન્જેકશન આપ્યા બાદ મોત નીપજયાનો તબીબી બેદરકારીનો આક્ષેપ કર્યો છે. આક્ષેપને પગલે પોલીસે મોતનુ કારણ જાણવા મૃતદેહને પીએમ અર્થે ખસેડવામા આવ્યો હતો. પરણીતાનાં મોતથી પરીવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ જસદણ તાલુકાનાં ગઢડીયા ગામે રહેતી રમીલાબેન અશોકભાઈ શીયાળ નામની ૨૩ વર્ષની પરણીતા પોતાનાં ઘરે હતી ત્યારે રાત્રીનાં નવેક વાગ્યાનાં અરસામા બીમારી સબબ બેભાન હાલતમા ઢળી પડી હતી પરણીતાને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ મારફતે રાજકોટ સિવીલ હોસ્પીટલમા ખસેડવામા આવી હતી જયા રમીલાબેન શીયાળનુ એમઆઈસીયુ વોર્ડમા દાખલ કરવામા આવી હતી જયા તેણીનુ સારવાર કારગત નીવડે તે પુર્વે જ ટુકી સારવાર દરમ્યાન મોત નીપજતા પરીવારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પરણીતાનાં મોત બાદ તબીબ દ્વારા પોલીસ ચોપડે રીટ્રોગેટ એમએલસી નોંધાવવામા આવી હતી. પ્રાથમીક પુછપરછમાં મૃતક રમીલાબેનનાં ૪ વર્ષ પુર્વે લગ્ન થયા છે અને તેમને સંતાનમા આગલા ઘરનાં બે પુત્ર છે. અગાઉ તેણીને પેરાલીસીસની અસર થઈ હતી. ગઈકાલે રાત્રીનાં સમયે બીમારી સબબ એમઆઈસીયુ વોર્ડમા દાખલ કરવામા આવી હતી. જયા તેણીનુ તબીબે ઈન્જેકશન માર્યા બાદ બેભાન હાલતમા મોત નીપજયુ હોવાનુ પરીવાર દ્વારા તબીબો પર સનસનીખેજ આક્ષેપ કરવામા આવ્યો છે. આક્ષેપનાં પગલે પોલીસે પરણીતાનાં મોતનુ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

# ટેકનિકલ ખામીના કારણે રાજયભરમાં RTOને ટેસ્ટ ટ્રેક બીજા દિવસે બંધ

## લાઈસન્સ માટે આવતા અરજદારોને ધક્કાઃ રાજકોટમાં ૮૦૦ સહિત હજારોની એપોઈન્ટમેન્ટ રદ થતાં દેકારો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યના છ્ઠ્ઠઘના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક આજે સતત બીજા દિવસે બંધ છે. જેને લીધે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. સોફ્ટવેરમાં ખામીને કારણે આ સમસ્યા સર્જાઈ છે. રાજકોટમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોવાથી ૨ દિવસમાં ૮૦૦ વાહન ચાલકોની અપોઈન્ટમેન્ટ પાછી ઠેલાઈ છે. જ્યારે વડોદરામાં ૪૫૦થી વધુ અપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ કરવામાં આવી છે. જેને લીધે ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવા માગતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હવે આજથી બે દિવસ રજા છે ત્યારે સોમવારથી જ લોકો ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવા માટે ટેસ્ટ આપી શકશે.

રાજકોટ આરટીઓ અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે, રાજકોટમાં ગઈકાલે અને આજે એમ બે દિવસ આરટીઓનો ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ છે. જોકે આ ટ્રેક માત્ર રાજકોટમાં જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યમાં બંધ છે. સોફ્ટવેરની ખાર્મીને કારણે આજે સતત બીજા દિવસે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોવાથી બે દિવસમાં આવેલી તમામ એપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ કરવામાં આવી છે. શનિવાર અને પછી રવિવારે રજા નો દિવસ છે જેથી સોમવારથી ડ્રાઈવિંગ ટેસ્ટ રાબેતા મુજબ શરૂ થઈ જશે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ, સામાન્ય રીતે રાજકોટ આરટીઓ ખાતે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોય તો તેની અગાઉથી જાણ કરવામાં આવે છે, પરંતુ આ વખતે આ પ્રકારની કોઈ જ જાણ કરવામાં આવી નથી. જેને લીધે જે વાહન ચાલકોએ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોવાનો મેસેજ ન વાંચ્યો હોય તેઓને આરટીઓ ખાતે ધરમ ધક્કો થયો હતો.

આરટીઓ અધિકારીએ જણાવ્યું કે, વડોદરામાં પણ સોફ્ટવેર ઈસ્યુના કારણે ટ્રેક બંધ છે. આ ગુજરાત લેવલ પ્રોબ્લેમ છે, અમારે ત્યાં ટેસ્ટ આપવા આવનારા ૪૫૦થી વધુ અપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ કરવામાં આવી છે.

# હુડકોની શાક માર્કેટ પાસે પુત્રના બાઈક પરથી પટકાતા મહિલાનું મોત



શહેરમાં કોઠારીયા રોડ સુભાષનગરમાં રહેતા વૃદ્ધા હુડકોની શાક માર્કેટમાંથી બકાલુ લઈ દિકરાના બાઈક પાછળ બેસી ઘરે જતાં હતાં ત્યારે નવનીત હોલ ઉપાસે પહોંચતા કુતરૂ પાછળ દોડતાં ચાલુ બાઈકમાંથી પડી ગયા. હતાં. વૃદ્ધાનું સારવારમાં મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. આ અંગે પોલીસે મૃતક વૃદ્ધાના પુત્ર વિરુદ્ધ માનવ જિંદગી જોખમાય તે રીતે વાહન ચલાવતા માતાનું પડી જવાથી મોત નીપજ્યું હોવાનો ગુનો દાખલ કર્યો છે. જ્યારે વૃદ્ધાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ સુભાષનગરમાં રહેતાં પ્રભાબેન માવજીભાઈ ફળદુ (ઉ.વ.૬૩) સાંજે કિદરા દિલીપભાઈના બાઈક પાછળ બેસી હુડકોની શાકમાર્કેટમાં ગયા હતાં. મા-દિકરો શાકભાજી લઈ પરત ઘર તરફ જતાં હતાં ત્યારે રસ્તામા રામ પાર્ક નવનીત હોલ પાસે પહોંચતા તેઓ ચાલુ બાઈકમાંથી પડી જતાં બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ વહેલી સવારે મૃત્યુ થયું હતું. પ્રભાબેનને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પતિ હયાત નથી. દિકરાના કહેવા મુજબ અમે શાકભાજી લઈ ઘરે જતાં હતા. ત્યારે કુતરૂ પાછળ દોડતાં મારા બા ગભરાઈ ગયા હતાં અને એ કારણે હૃદય બેસી જતાં પાછળથી પડી ગયા હતાં.

# સરકાર સાથે મંત્રણા સફળઃ સોમવારથી બે દિવસની રાષ્ટ્રીય બેંક હડતાલ મુલત્વી

## માર્ચ એન્ડીંગ ટાંણે જ બેંક યુનિયને નહોર ભરાવ્યાઃ પાંચ દિવસના સપ્તાહ અને ભરતી અંગે એપ્રિલના ત્રીજા સપ્તાહમાં નિર્ણય

માર્ચ એન્ડીંગ ટાંણે જ નવ બેંકના યુનિયન દ્વારા વિવિધ માંગણીઓ સંદર્ભે સોમવારથી બે દિવસની રાષ્ટ્રવ્યાપી બેંક હડતાલના એલાન બાદ આજે દિલ્હીમાં બેંક યુનિયનના હોદ્દેદારો સાથે થયેલી મંત્રણા સફળ રહેતા બેંક હડતાલ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. બેંક વર્કસ યુનિયનના મહામંત્રી કે.પી. અંતાણીએ જણાવ્યું છે કે, ગત મંગળવારે બેઠક અનિર્ણિત રહ્યા બાદ આજે શુક્રવારે ફરી બેઠક યોજવામાં આવી હતી. જેમાં બેંક યુનિયનની મુખ્ય માંગણી પૈકી પાંચ દિવસના સપ્તાહ અને ભરતી કરવા અંગે સરકાર સહમત થઈ છે. આ મામલે આગામી એપ્રિલના ત્રીજા અઠવાડીયામાં બેઠક યોજવામાં આવશે. બેંક યુનિયન દ્વારા લાંબા સમયથી પડતર પશ્નો અંગે રજૂઆત કરવામાં આવી છે તેમાંથી એક પણ પ્રશ્ન ઉકેલાયો નથી. યુનિયને માંગણી કરી છે કે, તમામ કેડરોમાં ભરતી કરવી. કામચલાઉ કર્મચારીઓને કાયમી કરવા, બેંકીંગ ઉદ્યોગમાં પાંચ દિવસનું સપ્તાહ, પર્ફોમન્સ-પીએલઆઈનો અમલ મોકુફ રાખવો, બેંક કર્મચારીઓને સલામતિ આપવી, જાહેરક્ષેત્રની બેંકમાં ખાલી વર્કમેન-ઓફિસર ડાયરેક્ટરની જગ્યા ભરવી. આઈબીએ સાથે પેન્ડીંગ પ્રશ્નનો નિકાલ કરવો. ગ્રેચ્યુટી એક્ટમાં સુધારો કરી સરકારી કર્મચારીઓની જેમ મર્યાદા વધારી ૨૫ લાખ કરવા અને ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવી.આઈડીબીઆઈ બેંકમાં મીનીમમ ૫૧ ટકા હિસ્સેદારી ચાલુ રાખવી.બેંકીંગ ઉદ્યોગમાં શ્રમ વિરોધી નિતીઓ બંધ કરવી સહિતની માંગણી કરવામાં આવી હતી. આ માંગણી સંદર્ભે સરકારે હકારાત્મક અભિગમ દાખવતા બેંક હડતાલ મુલત્વી રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

# જામકંડોરણા પોલીસ મથકના પીઆઈ નકુમની લીવ રિઝર્વમાં બદલી કરાઈ

રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના રાજપરા ગામની સીમમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી ફાર્મ હાઉસમાંથી ૪૪ લાખના દારૂ સાથે બે શખ્સોને દબોચી લીધા હતા દરોડાના ૨૪ કલાકમાં જ જીલ્લા પોલીસવડાએ એક્શન લઈ બેદરકારી દાખવનાર જામકંડોરણા પીઆઈની લીવ રીઝર્વમાં બદલીનો હુકમ કર્યો છે ખાતાકીય તપાસ બાદ અન્ય કોઈની બેદરકારી સામે આવશે તો તેની સામે પણ પગલા લેવાશે. રાજકોટના જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાજપરા ગામની સીમમાં આવેલ જીતેન્દ્રસિહના ફાર્મ હાઉસમાં સ્ટેટ મોનીટરીંગ ટીમે બાતમી આધારે દરોડો પાડી ૪૪.૧૯ લાખની કિમતના ૭૦૧૬ બોટલ દારૂ સાથે જામનગરના યશપાલસિહ નરેન્દ્રસીહ જાડેજા અને દાહોદના રમેશ ઉર્ફે ચકો ઈશ્વરભાઈ ડાંગીની ધરપકડ કરી ૬૮.૬૮ લાખનો મુદામાલ કબજે કર્યો હતો દરોડા અંગે જીલ્લા પોલીસવડાએ તપાસના આદેશ આપતા દારૂની ટ્રેપ રનીંગ નહિ પરંતુ કટિંગ ટાણે દરોડો પાડવામાં આવ્યો હોવાનું ફલિત થતા દરોડો પાડયાના ૨૪ કલાકમાં જ એસપી હિમકરસિંહે કડક પગલા લીધા છે એલસીબી પીઆઈ વીવી ઓડેદરાએ જણાવ્યું હતું કે એસપી દ્વારા બેદરકારી દાખવનાર જામકંડોરણા પીઆઈ એલ જી નકુમની લીવ રીઝર્વમાં બદલીનો હુકમ કરવામાં આવ્યો છે ખાતાકીય તપાસમાં અન્ય કોઈની સંડોવણી ખુલશે તો તેમની સામે પણ પગલા લેવામાં આવશે.

# સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝમાં તસ્કરો ત્રાટકયાઃ એક ડઝન દુકાન - કારખાનામાં હાથ ફેરો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમા ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે રાજકોટ શહેરનાં ગોકુલધામ વિસ્તારમા આવેલી સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝમા દુકાન અને કારખાના સહીત ડઝનેક સ્થળે ચોરીની ઘટના બનતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી આ ઘટનામા પોલીસે સીસીટીવી ફુટેજ તપાસતા રાત્રે બે વાગ્યે એક શખ્સ કોષ લઈને દુકાન અને કારખાનાનાં તાળા તોડતો હોવાનુ સીસીટીવીમા કેદ થયુ હતુ. હાલ માલવીયાનગર પોલીસનાં સ્ટાફે ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે.વધુ વિગતો મુજબ ગોકુલધામ વિસ્તારમાં ચા ની દુકાનો તેમજ કારખાનામા ચોરી થયાની ઘટના સામે આવતા જ સવારનાં સમયે કારખાનેદારો અને દુકાન સંચાલકો તુરંત માલવીયા પોર્લીસ સ્ટેશને દોડી ગયા હતા અને ત્યા હોબાળો મચાવ્યો હતો અને આ ચોરીની ઘટના અંગે ફરીયાદ નોંધવા પીઆઈ આર. જે. દેસાઈને રજુઆત કરી હતી આ ઘટનામા પોલીસ તુરંત સમ્રાટ ઈન્ડ. એરીયામા પહોંચી હતી અને ત્યા દુકાનોમા લગાવેલા સીસીટીવી ફુટેજ તપાસતા એક ૨૨ થી ૨૮ વર્ષનો યુવાન કોષ લઈને ત્યા આટાફેરા કરતો અને દુકાન તેમજ કારખાનામા કોષથી તાળા તોડતો જોવા મળ્યો હતો. આ ઘટનામા પોલીસે તપાસ કરતા અજન્તા મોર્ટસ, બહુચર પાન, જલારામ ભેળ, ઠાકર પાન, હેર સલુન સહીત ડઝનેક દુકાન તેમજ કારખાનામા તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામા જાણવા મળતી વિગત મુજબ અમુક દુકાનમાથી તસ્કરે પરચુરણ રકમ અને દુકાનમા રાખેલ બીડર્ડી, સીગારેટ જેવો સામાન ચોરી કર્યો હતો આ ઘટનામા માલવીયા પોલીસ મથકનાં પીઆઈ આર. જે. દેસાઈ અને સ્ટાફ દ્વારા ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા આ યુવાન સાયકલ લઈને આવ્યો હતો. સીસીટીવીમા દેખાતા ફુટેજને આધારે પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તેમજ દુકાનનાં સંચાલકની ફરીયાદ પરથી ગુનો નોંધવા તજવીજ શરુઅ કરવામા આવી હોવાનુ જાણવા મળી રહયુ છે.

# ગુંદાવાડીમાં ટ્રાવેલ્સની ઓફીસમાં તોડફોડ કરનાર શખ્સ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુંદાવાડીમાં આવેલી વૃદાંવન યાત્રા સંઘ ટ્રાવેલ્સની ઓફિસમાં પથ્થરના ધા કરી તોડફોડ કરી હતી અને બાઈકમાં પણ નુકસાન કરતા ભકિતનગર પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ઘટનામાં ટ્રાવેલ્સ ઓફિસ સંચાલકે તેના ભત્રીજા સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ગુંદાવાડી રામજી મંદિરની બાજુમાં વૃદાવન યાત્રા સંઘ નામે ટ્રાવેલ્સની ઓફિસ ચલાવતા અને તેમા જ રહેતા વૈકુંઠભાઈ શીવરાજભાઈ નિમાવત (બાવાજી) (ઉ.વ.૬૯)એ ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, વુદાંવન યાત્રા સંઘ નામની પોતે ટ્રાવેલ્સનો ધંધો કરે છે અને રાત્રે ઓફિસમાં જ સુઈ રહે છે.તા.૨૮/ ૨ના રોજ રાત્રે તેઓ ઓફિસમાં સુતા હતા ત્યારે શટરનો લોક ખરાબ થયુ હોય અડધુ શટર બંધ કરી અને અડધુ ખુલ્યુ હતુ જે શટર બાદ કાચનો દવવાજો હોઈ જે બંધ કર્યો હતો. અને ત્યા લોક માર્યુ હતુ. ત્યારબાદ રાત્રીના લગભગ બે વાગ્યાની આસપાસ તેને ઓફિસના કાચના દરવાજાના અવાજ આવતા તેઓ ઉઠી ગયા અને જોયુ તો બંન્ને દરવાજાના કાચ નીચેના ભાગેથી પથ્થર વાગયાની તુટી ગયો હતો. બાદમાં બહાર નીકળીને જોયુ તો કોઈ દેખાયુ નહીં ત્યારબાદ વૈકુંઠભાઈએ પુત્ર નીખીલને જાણ કરતા તેમણે સીસીટીવી કેમેરા જોતા તેમાં ભત્રીજો કેશલ રાજેશભાઈ દેખાયો હતો જે એક્ટીવામાં આવતો જોવા નજરે પડ્યો હતો અને તેની સાથે એક અજાણયો બાઈક ચાલક પણ હતો. આ મામલે ભક્તિનગર પોલીસે ગુનો નોંધયો હતો. વૈકુંઠભાઈએ આક્ષેપ કર્યો હતો કે, આ ઘટનામાં પોલીસે ગુનો ન નોંધી અને સૌ પ્રથમ આરોપીને પકડી અટકાયત પગલા લઈ છોડી મુક્યો હતો બાદમાં સીપીને અરજી કરતા તેમા જણાવ્યું હતુ કે, આ ગંભીર ગુનો છે. તેમજ વીડિયો રજુ કરતા ભકિતનગર પોલીસે ગુનો નોંધ્યો હતા.